## જન્મદિને વધામણી


અશ્વિન જે પટેલ


કુલદીપ ત્રિપાઠી
મો. ૯૭૨૪૨ ૪૨૪૨૪


યુગ યુ પારેખ


આરવ વિરેન ગજ્જર
૯૩૨૮૮ ૩૪૫૮૦


મહેશકુમાર સી સોનારા
૯૪૨૮૮૦૨૮૧૬


ત્વિસા ભરતભાઈ પરમાર
મંથન ભરતભાઈ પરમાર
મો. ૮૪૮૮૦ ૦૨૩૦૦

# સૅક્ટર-૨૨ ખાતે સર્વ રોગ નિદાન કૅમ્પ


તસવીર : કશ્યપ નિમાવત





કલાકારોની બનેલી શહેરની સંસ્થા જી ઈ ક્લબ અને બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના સંયુક્ત ઉપક્રમે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી સર્વ રોગ નિદાન કૅમ્પનું આયોજન રવિવારે સવારે કરવામાં આવ્યું હતું. મહિલા સિવણ ક્લાસ, પ્લૉટ નં. ૪૦૦, પોલીસ ચૉકી લેન, સૅક્ટર-૨૨ ખાતે સવારે ૯થી ૧૨ દરમ્યાન આયોજિત આ નિદાન કૅમ્પમાં ઑર્થોપેડિક સર્જન ડૉ. બિમલ મોદી, ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. હાર્દિક તલાટી, ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. મેશ્વા પટેલ, ડૉ. કિંચલ પટેલ, ડૉ. પરેશ વણકર, ડૉ. અચલ મકવાણા, ડેન્ટીસ્ટ ડૉ. જિજ્ઞેશ પટેલ તથા આયુર્વેદ નિષ્ણાત ડૉ. રાજેન્દ્ર વસોયાએ પોતાની સેવાઓ આપી હતી. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર અને જુનિયર સિટિઝન કાઉન્સીલના સહયોગથી બ્લડ ડોનેશન કૅમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત બ્રહ્માકુમારી મેઘાદીદીએ પણ રક્તદાન કર્યું હતું. જી ઈ ક્લબ દ્વારા આયોજિત સર્વ રોગ નિદાન કૅમ્પ સાથે જ બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી દ્વારા ઍરોબિક્સ ક્લાસનું ઉદ્ઘાટન પણ યોજવામાં આવ્યું હતું. ગાંધીનગર બ્રહ્માકુમારીઝનાં અધ્યક્ષ રાજયોગિની કૈલાસદીદી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલ તથા ડૉ. હાર્દિક તલાટીના હસ્તે ઍરોબિક્સ ક્લાસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સોમવારથી નિત્ય સવારે અને સાંજે ઍરોબિક્સની તાલીમ ઍકેડેમી ખાતે તાલીમાર્થીઓને આપવામાં આવશે.


તસવીર : કશ્યપ નિમાવત





પોદાર જમ્બો કિડ્સ, ગાંધીનગર ખાતે બીજા વાર્ષિક સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સ્ટોરીઝ આર અસ' થીમ સાથે આયોજિત આ સ્પોર્ટ્સ ડેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. માર્ચ પાસ્ટ, ડ્રિલ, સૂર્ય નમસ્કાર, યોગા, પેરાશૂટ પ્લે અને રેસ જેવી રમતોમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓના વાલીઓ માટે પણ ખાસ બલૂન રેસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમે ભારે રમૂજ પેદા કરી હતી. રમતોત્સવમાં ભાગ લેનારા દરેક વિદ્યાર્થીને આચાર્યા રિચા ટંડનના હસ્તે પ્રમાણપત્ર તથા વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં હતાં.

# ખાવા-પિવાની કુટેવ અને સ્ટ્રેસફૂલ લાઈફના કારણે આંતરડાંના રોગોમાં વધારો

ગાંધીનગર, તા. ૧૩

'ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ પાસે વર્તમાનમાં આવતા દસ દર્દીઓ પૈકી પાંચ દર્દી આંતરડાંના ઈન્ફેક્શન સાથે આવે છે અને તે પૈકીના બે દર્દીને સર્જરી કરવાની જરૂર પડતી હોય છે. નાના આંતરડાંના રોગો ખાસ કરીને ખોરાક, પાણી અને હવામાના કારણે થતા હોય છે. ખાવા-પિવાની કુટેવ અને સ્ટ્રેસફૂલ લાઈફના કારણે આંતરડાંના રોગોમાં વધારો નોંધાયો છે.' આ મત છે ડૉ. તુષાર લાખિયાનો. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ સંબંધિત રોગોના નિવારણ માટે બે દિવસીય લેક્ચર સિરિઝનું આયોજન કરવામાં આવ્યું છે. લેક્ચર સિરિઝમાં સમગ્ર ગુજરાત તેમજ ભારતમાંથી ૨૫૦ જેટલા ફેકલ્ટિ, ડૉક્ટર્સનું રજીસ્ટ્રેશન થયું હતું. ૧૨ અને ૧૩ ડિસેમ્બરના રોજ યોજાનારા આ લેક્ચર સિરિઝમાં વિશ્વમાં ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ ક્ષેત્રે થઈ રહેલા રિસર્ચ પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. જાણિતા ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ ડૉ. તુષાર લાખિયાએ કહ્યુ કે, બે દિવસીય લેક્ચર સિરિઝમાં નાના આંતરડા સંબંધિત વધી રહેલા રોગોને જાણવા અને તેની સારવાર માટે અપડેટ ટેક્નોલોજીથી ડૉક્ટર્સને માહિતગાર કરવાનો સ્વસ્તી ફાઉન્ડેશનનો ઉદ્દેશ રહેલો છે. સર્જિકલ ઓન્કોલોજીસ્ટ ડૉ. સોમેશ ચંદ્રાએ કહ્યું કે, આંતરડાંના રોગો વધવા પાછળ ખોરાકમાં વધુ પડતો મેદાનો ઉપયોગ જવાબદાર કારણ છે. પશ્ચિમના દેશોએ સમજીને મેદાનો ઉપયોગ ઘટાડી દીધો છે જ્યારે ભારતમાં હજુ આંધળુ અનુકરણ કરવાનું ચાલુ છે. મેદાનો વધુ પડતો ઉપયોગ બાળકો તેમજ આવનારી પેઢી માટે ખુબ જોખમી સાબિત થઈ શકે છે.





શહેરના કલારસિક યુવાનો દ્વારા 'પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ્સ'ના બૅનર તળે 'સૅટરડે નાઈટ્સ વિથ પાઈ' નામે સ્વર્ણિમ પાર્કમાં દર શનિવારે રાત્રે સાવ મફતમાં મનોરંજન કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવે છે. આ યુવાનોએ આ પ્રકારના શો યોજવાના પચીસ અઠવાડિયા ગત શનિવારે પૂર્ણ કર્યા હતા. આ નિમિત્તે નગરના સિનિયર કલાકારો તથા કલારસિકોને સૅટરડે નાઈટ્સમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. પોતાના નિયત ક્રમાનુસાર ગીત, ડાન્સ, અભિનય, લોકવાર્તા જેવી મનોરંજનની કૃતિઓનું આયોજન કર્યા બાદ આ યુવા કલાકારોએ કેક કાપીને પચીસ અઠવાડિયાની સફળતાની ઉજવણી કરી હતી. આ પ્રસંગે નગરના સિનિયર નાટ્યકાર અખ્તર સૈયદ તથા તેમનું ગૃપ, કુંતલ નિમાવત તથા તેમનું ગૃપ ઉપરાંત જી ઈ ક્લબ, બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી, ક્રિષ્ના ગૃપ વગેરેના કલાકારોએ ઉપસ્થિત રહી પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ્સની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

# ઈ-વેસ્ટ - ઈલેક્ટ્રોનિક્સ કચરામાંથી તારવ્યું કંચન !!

ખરેખર સો ટકા સાચી ઘટના બની છે. સ્થળ હતું જીપીસીબી-ગાંધીનગરનો ઓડિટોરિયમ હોલ, તારીખ ૧૧.૧૨.૨૦૧૫ના રોજ 'આવતી કાલને વધુ હરિત બનાવવા આજે કટિબદ્ધ બનીએ' ઉદ્દેશવાળા કાર્યક્રમનો પ્રસંગ હતો. જેનું ટાઈટલ હતુ 'એપીઓ- ડેમોન્સ્ટ્રેશન પ્રોજેક્ટ લૉન્ચિંગ સેરીમોનિ'.

એશિયા ખંડમાં ઉત્પાદન સંબંધિત બાબતો માટે વર્ષ ૧૯૬૧થી સ્થપાયેલ એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશન-એપીઓ દ્વારા ગ્રીન ઈકોનોમી વિકાસ તરફ આગળ વધવા માટે વિવિધ ટેક્નોલોજી, જેમાં સ્થિતિ સ્થાપકતા બની રહે, કુદરતી સંપદાનો સક્ષમ ઉપયોગ થાય અને સોલર ઊર્જા સ્ત્રોતોના ઉપયોગનો વ્યાપ વધારવામાં આવે તેવી વિશ્વ સ્તરે કાર્યરત કંપનીઓ મારફતે માહિતીનું આદાન-પ્રદાન અને ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવે છે.


ઈન્ડિયા ૨૦૧૫-૧૬ના આ પ્રકારના એક કાર્યક્રમ હેઠળ જીપીસીબી, એનપીસી અને ચીન પ્રોડક્ટિવિટી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ વર્કશોપમાં તાઈવાનના નવ તજજ્ઞોએ ગ્રીન ઈકોનોમી હેઠળ કેટલાંક ચોક્કસ પાસાંઓ પૈકી ખાસ કરીને ઈ-વૅસ્ટ - ઈલેક્ટ્રોનિક્સ કચરામાંથી સોનુ, ચાંદી, નિકલ, તાંબુ, વગેરે કિંમતી ધાતુઓને તારવી લેવા માટે હાંસલ કરેલ કુશળતાની રસપ્રદ વિગતો રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમ, પ્રેક્ષકોને જકડીને રાખે તેવો રહ્યો હતો.

તાઈવાનની માવટૅક કંપની દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ ડેમોન્સ્ટ્રેશનમાં બિન ઉપયોગી મોબાઈલના ઈ-વૅસ્ટમાંથી માત્ર ગણાત્રીની મિનિટોમાં જ કંચન એટલે કે સોનાને તારવી લેવાનો જીવંત પ્રયોગથી સૌ પ્રભાવિત થયા હતા. આ કંપનીએ બજારમાં મૂકેલા સાધનો પૈકી, એક વ્યક્તિ દ્વારા સંચાલિત થાય તેવા, 'આર્યન વન' ઓટોમૅટિક ઈલેક્ટ્રોલાઈટ સ્ટ્રિપિંગ લાઈન નામના સાધનથી એક મિનિટમાં બે કિલોગ્રામ ઈ-વૅસ્ટની ક્ષમતાવાળા, માત્ર ચાર-પાંચ વૉલ્ટેજનો પાવર વાપરીને ધાતુઓ પર ચઢાવેલ ગોલ્ડના ઢોળને સ્ટ્રિપ કરી શકાય છે, એટલે કે, ઈ-વૅસ્ટ - કચરામાંથી કંચન તારવી શકાય છે! કનેક્ટર, નટ, સ્ક્રૂ, વગેરેની ધાતુને રિસાઈકલ કરી શકાય છે. આ મશીન જેમાં, યુડબ્લ્યૂ-૮૬૦ નામનું વાપરવામાં આવતું રસાયણ આ ટૅકનોલોજીનું હાર્દ છે, આ એક પ્રકારનું પોર્ટેબલ ઈકો-ફ્રેન્ડલી મેટલ સ્ટ્રિપિંગ મશીન છે. 'રોલિંગ વન' નામના ઓટોમૅટિક રોલિંગ સ્ટ્રિપિંગ લાઈન નામે મશીનથી કમ્પ્યૂટરના સીપીયુ, રૅમ, મધર બોર્ડને રિસાઈકલ કરવા માટે વપરાય છે. પીસીબીને રિસાયકલ કરવા માટે 'ફોર્ચ્યૂન વન' નામે ઓટોમૅટિક કેમિકલ સ્ટ્રિપિંગ લાઈન મશીન વપરાય છે. એનપીસી, ગાંધીનગરના રિજીયોનલ ડિરેક્ટર શ્રી શિરિષ પાલિવાલે એપીઓ-ડેમોન્સ્ટ્રેશન પ્રોજેક્ટનો લાભ લેવા માટે ઉપસ્થિત ઉદ્યોગોના પ્રતિનિધિઓને જણાવ્યું માહિતી આપી હતી. જ્યારે, દિલ્હી સ્થિત એનપીસીની પર્યાવરણ શાખાના કાર્યરતવડા રિજીયોનલ ડિરેક્ટર શ્રી કે. ડી. ભારદ્વાજે ભારતના ઉદ્યોગ સાહસિકોને એશિયન પ્રોડક્ટિવિટી ઓર્ગેનાઈઝેશનનું સંકલનકર્તા બંકિમ ભટ્ટ મારફતે વૈશ્વિક સ્તરની ઉપલબ્ધ ટેકનોલોજીનો ઉચિત ઉપયોગ કરવા ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાતમાં આવેલ ઈસીએસ નામની ઈ-વૅસ્ટ રિસાયકલર કંપનીના પરવેઝભાઈએ સમગ્ર ભારતમાં ઈ-વૅસ્ટ બાબતની પ્રવર્તમાન પરિસ્થિતિનો ચિતાર રજૂ કરીને ઊમેર્યુ હતુ કે, એક તરફ ઈ-વૅસ્ટ નિયમો છેલ્લા પાંચ વર્ષથી દેશમાં અમલમાં હોવા છતાં, મહાનગરપાલિકાઓ, કોર્પોરેટર સેક્ટર્સ તેમજ સરકારી અને બિન સરકારી સંસ્થાઓ આ નિયમોના અમલીકરણ માટે સક્રિય બનશે, ત્યારે જ ઈ-વૅસ્ટનો યોગ્ય નિકાલ કરવાની દિશામાં ઝડપથી આગળ વધી શકાશે. જીપીસીબીના અધ્યક્ષ ડૉ. કે.યુ. મિસ્ત્રિએ કચરામાંથી કંચનના પ્રયોગની ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે ગુજરાતમાં માન્ય દસ ઈ-વૅસ્ટ રિસાયકલર્સને જણાવીને હાલની સ્થિતિમાં ઈ-વૅસ્ટના નિયમોના સઘન અમલીકરણ માટે કેવા વ્યાપક સુધારા-વધારા કરી શકાય તે અંગે મંતવ્યો માંગ્યા હતા. તાઈવાન ડેલિગેશનનું નેતૃત્વ મીસ લિહ્કૂન લિએ કર્યુ હતું.

ઉદ્યોગ સાહસિક ગુજરાતીને આ તાઈવાન ડેલિગેશનમાં આવેલ સૂઉ ચિએન લિ, ડૉ. હ્સિયો કેન્ગ મા, ફૂંગ મિંગ લિઉ, તા ઈ ઍંગ, યૅઓ યૂ તૂ, વિન્સેન્ટ વાય ચૅન, મીસ લિહ્ ફૂઆન લિ, મીસ ફેન્ગ ટિંગ ચુ અને યુઆન લુંગ હ્સૂએ ઈ-વૅસ્ટના મેનેજમેન્ટ, સોલર ઊર્જાનો અદ્યતન વ્યાપ, વૅસ્ટ વૉટર ટ્રિટમેન્ટ, એર પોલ્યૂશન કંટ્રોલ, ગ્રીન બિલ્ડિંગ, સ્માર્ટ સિટી સહિતની બાબતો ઉડીને આંખે વળગે તેવા ઉત્પાદનોમાં ભાગીદાર બનવા માટે આગ્રહ કર્યો છે. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોનો ગૃપ ફોટોસેશનનો વિદેશી ચીલો ચાતરવા સહિત સુંદર સંચાલન જીપીસીબીના નવોદિત નાયબ પર્યાવરણ ઈજનેર મનાલી ભટ્ટે કર્યુ હતું. નોંધપાત્ર બાબત એવી છે કે, માત્ર ૩૬,૦૦૦ ચોરસ કિ.મી.ના નાનકડા ટાપુનો પહાડી વિસ્તાર ધરાવતા ૨.૩૪ કરોડની વસ્તી માટે જરૂરી કુદરતી સંપદાથી વંચિત તાઈવાનનું મોટાભાગનું અર્થતંત્ર આયાત પર નિર્ભર હોવા છતાં, કચરામાંથી કંચન તારવવા સહિતની ગ્રીન ઈકોનોમી ટેકનોલોજીમાં અગ્રેસર રહીને વિશ્વના અન્ય દેશોને પોતીકી ટેક્નોલોજી મારફતે સહિયારા બળથી વિકસી રહ્યું છે. ત્યારે, ભારતમાં વર્ષ ૨૦૧૧થી અમલમાં મૂકવામાં આવેલ ઈ-વૅસ્ટના નિયમોના સુચારૂ અમલીકરણ માટે સૌ સંબંધિતો દ્વારા વધુ મોડું ન થાય તેવા પ્રયાસો જોવા માટે સૌ આતુર છે.

- નરેશ ઠાકર





## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૪**
તમાશા
૧૨.૪૫
પ્રેમ રતન ધન પાયો
૩.૩૦
એન્ગ્રી ઈન્ડિયન ગોડેસીસ
૭.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦
**સ્ક્રીન-૫**
છેલ્લો દિવસ
૩.૪૫, ૬.૩૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦, ૧૨.૩૦

## 'સરસ્વતીચંદ્ર'નો હિંદી અનુવાદ પ્રકાશિત થયો

ગાંધીનગર, તા. ૧૩

દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા ગોવર્ધનરામ ત્રિપાઠીની બૃહદ નવલ સરસ્વતીચંદ્રના ચાર ભાગનો હિંદી અનુવાદ પ્રકાશિત કરવામાં આવ્યો છે. તાજેતરમાં અકદામીના અધ્યક્ષ વિશ્વનાથપ્રસાદ તિવારીએ એનું લોકાર્પણ કર્યુ હતું. આ સમારંભમાં ગુજરાતીના વરિષ્ઠ સાહિત્યકાર રઘુવીર ચૌધરી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત હતા.

ગુજરાતી અસ્મિતાને વાચા આપતી આ બૃહદ નવલને ભારતીય સમાજ સમક્ષ મુકવાનું ભગીરથ કામ પ્રોફેસર આલોક ગુપ્તા અને પ્રોફેસર વીરેન્દ્રનારાયણ સિંહે ઉપાડ્યુ હતું. પ્રો.આલોકગુપ્તાએ ખંડ-૧ અને ખંડ-૪ નો અનુવાદ કર્યો છે, ખંડ-૨ અને ખંડ-૩ નો અનુવાદ ડૉ. વીરેન્દ્રનારાયણ સિંહે કર્યો છે.

આ કાર્ય લગભગ ત્રણ વર્ષમાં પુર્ણ થયું છે. લોકાર્પણ સમારોહમાં બંને અનુવાદકોએ પોતાના અનુવાદકાર્યનાં અનુભવો વ્યક્ત કર્યા હતા. હિંદી અનુવાદના કારણે સરસ્વતીચંદ્ર ભારતભરમાં વાચકો મેળવશે અને ગુજરાતનાં ગૌરવમાં વધારો કરશે.

## વાચન એ એક મેડિટેશન છે

ગાંધીનગર, તા. ૧૨

'માતૃભાષા અભિયાન', 'ગુજરાત સાહિત્ય અકાદમી' અને 'ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર એન્ડ આર્કિટેક્ટ'ના સંયુક્ત ઉપક્રમે ગજ્જર હોલ ખાતે શનિવારે એક દિવસીય 'વાચકપર્વ'ની ઉજવણી કરાઈ હતી. આ કાર્યક્રમમાં વિભિન્નક્ષેત્રે સંકળાયેલા પરંતુ વાચનમાં રસ ધરાવતાં વ્યક્તિઓને તેમના વિચારો રજૂ કરવા માટે મંચ પૂરો પાડવામાં આવ્યો હતો.

વસંત ગઢવીએ જણાવ્યું કે, 'વાંચનનો સીધો સંબંધ વિચાર સાથે છે. આપણી વૃત્તિ, પ્રતિબદ્ધતા અને દૃષ્ટિ પ્રમાણે વાંચન થાય છે. સમાજલક્ષી વાચન એ સમાજલક્ષી વિચાર આપે છે, તેમાંથી સમાજલક્ષી કામ થાય છે.' સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ જણાવ્યું કે, 'અત્યારે લોકો ખૂબ વાંચે છે, પણ મેસેજીસ વાંચે છે, ગાંભીર વાંચન કરનારો વર્ગ ઓછો થઈ રહ્યો છે. વાંચન એ મૈત્રી છે. તેનાથી જ્ઞાન તરફ જવાય છે, વાંચન એ એક મેડિટેશન છે.'

વાચકોએ તેમની કેફિયતમાં હરીશ ખત્રીએ જણાવ્યું કે, 'જેનામાં જિજ્ઞાસાવૃત્તિ છે, તે નિયમિત વાંચન કરે છે. વિશાળ સાહિત્યનો લાભ લેવા હું દિવસમાં બે કલાક ગુજરાતી અને અને બે કલાક અંગ્રેજી પુસ્તકો વાંચુ છું.'

## ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં ગેરરીતિની અસંખ્ય ફરિયાદો

### ઓબ્ઝર્વર આવે ત્યારે વિદ્યાર્થીઓને ગેરરીતિ ન કરવાની સૂચના પરંતુ ઓબ્ઝર્વર કલાસ છોડે તેની સાથે જ ગેરરીતિઓ શરૂ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત યુનિવર્સિટીમા હાલમાં સેમેસ્ટર-પની પરીક્ષા ચાલી રહી છે. આ પરીક્ષામાં ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર કર્યા પછી ગેરરીતિમાં ઘટડો થશે તેવુ માનવામાં આવતું હતુ. પરંતુ પરીક્ષાં જુદી જુદી કોલેજોમાં જે પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે તે જોતાં ગેરરીતિમાં કોઇ ઘટાડો થાય તેવી શક્યતાં નથી.

પરીક્ષામાં હાલ અમદાવાદ શહેરની નામંકિત ગણાતી કોલેજોમાં પણ વિદ્યાર્થીઓ બેફામ ગેરરીતિઓ કરી રહ્યા છે. સામાન્ય રીતે અત્યાર સુધી કોલેજ સંચાલકો પોતે ગેરરીતિ કરાવતાં હતા પરંતુ હવે વિદ્યાર્થીઓને પોતાની રીતે ગેરરીતિ કરવાની છૂટ આપી દેવામાં આવી છે.

યુનિવર્સિટીમાંથી ઓબ્ઝર્વર આવે ત્યારે વિદ્યાર્થીઓને ગેરરીતિ ન કરવાની સૂચના આપી દેવામાં આવે છે. પરંતુ ઓબ્ઝર્વર કલાસ છોડે તેની સાથે જ ગેરરીતિઓ શરૂ કરી દેવામાં આવતી હોવાની ફરિયાદો પરીક્ષા વિભાગ સુધી પહોંચી ચુકી છે. આગામી દિવસોમાં આ પ્રકારની ગેરરીતિઓ અટકાવવા માટે પરીક્ષા વિભાગ દ્વારા ખાસ ટીમ મોકવાની પણ તૈયારી કરવામાં આવી હોવાનું સૂત્રો ચર્ચી રહ્યા છે.